# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી - 110001

ફોન નં : 23005700 ; ફેક્સ: 23005787

તારીખ: 02 જાન્યુઆરી, 2014

# પ્રેસ રિલીઝ

શ્રી હરદીપ સિંઘ પુરી આજે ભાજપમાં જોડાયા હતા. શ્રી પુરી વર્ષ 1974માં ભારતીય વિદેશ સેવા સાથે સંકળાયેલા હતા. 39 વર્ષની વિશિષ્ટ કારકિર્દી દરમિયાન તેમણે વિદેશ અને સંરક્ષણ મંત્રાલય ખાતે ઉચ્ચ હોદ્દા પર સેવા આપી હતી. તેમણે લંડન અને બ્રેઝિલિયાના દુતાવાસમાં સેવા આપી હતી અને જીનીવા અને ન્યૂ યોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના કાયમી પ્રતિનિધિ તરીકે સેવા આપી હતી.

વર્ષ 2011 અને 2012 દરમિયાન  તેમણે સલામતી સમિતિમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. તેઓ આતંકવાદ-વિરોધી સમિતિના અધ્યક્ષપદે રહ્યા હતા.

ભાજપ પ્રમુખ શ્રી રાજનાથ સિંહે તેમનું ભાજપમાં સ્વાગત કરતાં જણાવ્યું હતું કે વિદેશી બાબતો, સલામતી અને વેપાર નીતિઓના ક્ષેત્રમાંના તેમના અનુભવનો હવે ભાજપને ફાયદો મળશે.

શ્રી પુરીએ જણાવ્યું હતું કે ભાજપ ઘણા લાંબા સમયથી રાષ્ટ્રવાદ પ્રત્યેની આગવી સૂઝ ધરાવે છે, જે પ્રશંસનીય છે. તેવા પક્ષ સાથે ઔપચારિક રીતે જોડાતા મને ખુશીની લાગણી થઈ રહી છે. પક્ષના કાર્યોને આગળ વધારવા અને પક્ષના પ્રમુખ તેમજ વરિષ્ઠ નેતૃત્વને મારી કોઈપણ પ્રકારની જરૂર હોય તેમાં સિંહફાળો આપવા હું તૈયાર છું.

**(અરુણ કુમાર જૈન)**

**કાર્યાલય મંત્રી**